# COMMERCE
## Paper - II

Signature of Invigilators

1. ..........................................

2. ..........................................

**Dec-08/17**

Roll No. [ ] [ ] [ ] [ ] [ ]
(In figures as in Admit Card)

Roll No. ..............................

..................................................
(in words)

Name of the Areas/Section (if any) ........................

**Time Allowed : 75 Minutes]** **[Maximum Marks : 100**

---

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of fifty (50) multiple choice type questions. All questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method [A] Wrong method [A OR [A]

4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper II only.
5. Read instructions given inside carefully.
6. Extra sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.

૨. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ પચાસ (૫૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

૩. પ્રત્યેક પ્રશ્ન વધુમાં વધુ ચાર બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવે છે. જે (A), (B), (C) અને (D) વડે દર્શાવવામાં આવ્યા છે. પ્રશ્નનો ઉત્તર કેપીટલ સંજ્ઞા વડે આપવાનો રહેશે. ઉત્તરની સંજ્ઞા આપેલ ખાનામાં બરાબર સમાઈ જાય તે રીતે લખવાની રહેશે.

   ખરી રીત : [A] ખોટી રીત : [A , [A]

૪. આ પ્રશ્નપત્રના જવાબ આપેલ ICR Answer Sheet ના Paper II વિભાગની નીચે આપેલ ખાનાઓમાં આપવાના રહેશે.

૫. અંદર આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.

૬. આ બુકલેટની પાછળ આપેલું પાનું રફ કામ માટે છે.

૭. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નિરીક્ષકને સોંપી દેવી. કોઈપણ કાગળ પરીક્ષા ખંડની બહાર લઈ જવો નહીં.

## COMMERCE

## PAPER II

## વાણિજ્ય

## પેપર–II

Note : This paper contains **FIFTY (50)** multiple-choice/Assertion and Reasoning/Matching questions, each question carrying **two (2)** marks. Attempt ALL the questions.

નોંધ : આ પ્રશ્નપત્રમાં પચાસ (૫૦) બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના બે (૨) ગુણ છે.

---

1. Relevant aspects of economic environment for business are :
   (A) Political ideology of the nation
   (B) Socio-cultural attitude of people
   (C) Economic condition of the country
   (D) Legal framework for business protection

1. ધંધાના આર્થિક પર્યાવરણના સંબંધિત પાસા છે :
   (A) રાષ્ટ્રના રાજકીય સિદ્ધાંતો
   (B) પ્રજાના સામાજિક-સાંસ્કૃતિક વલણો
   (C) દેશની આર્થિક પરિસ્થિતિ
   (D) ધંધાના રક્ષણ માટેનું કાનૂની માળખું

2. The most important objective of development planning is to :
   (A) ensure a greater degree of economic equality
   (B) achieve higher degree of economic growth and development
   (C) greater provisions and opportunities for capital formation and investment
   (D) increase the level of employment

2. વિકાસશીલ આયોજનનો સૌથી મહત્વનો હેતુ છે :
   (A) આર્થિક સમાનતાને મહદઅંશે નિશ્ચિત કરવું
   (B) આર્થિક વૃદ્ધિ અને વિકાસને ઉચ્ચ કક્ષાએ પ્રાપ્ત કરવું
   (C) મૂડી રચના અને રોકાણ માટે વધારે ગોઠવણ અને તકો
   (D) રોજગારીનું સ્તર ઊંચું લઈ જવું

3. Which one of the following is not included under the Consumers' Rights ?

(A) Right against exploitation by unfair trade practices

(B) Right to be heard if there is any grievance or suggestions

(C) Right to get the genuine grievances redressed

(D) Right to choose the worst from a variety of offers

4. What are the drivers of globalisation ?

(A) International trade

(B) Financial flows

(C) Communications

(D) All of the above

5. Regulatory environment contains :

(A) Policies related to imports and exports

(B) Policies related to distribution and pricing

(C) Cost of human resources

(D) Both (A) and (B)

3. નીચેના પૈકી કયા એકનો ગ્રાહકોના હકકોમાં સમાવેશ કરવામાં આવતો નથી ?

(A) ગેરવ્યાજબી ધંધાકીય રીતોથી થતા શોષણ સામેના હકકો

(B) કોઈ પણ ફરિયાદ અને સૂચન હોય તો તે અંગે રજૂઆતનો હકક

(C) યથાર્થ મૌખિક ફરિયાદનો નિવારણ લાવવાનો હકક

(D) વિવિધ પ્રસ્તાવોમાંથી સૌથી ખરાબની પસંદગી કરવાનો હકક

4. વૈશ્વિકરણના વાહકો કયા છે :

(A) આંતરરાષ્ટ્રીય વ્યાપાર

(B) નાણાંકીય પ્રવાહો

(C) માહિતી સંચાર

(D) ઉપર્યુક્ત બધાજ

5. નિયંત્રિત/કાનૂની પર્યાવરણમાં સમાવેશ થાય છે :

(A) આયાત-નિર્યાત સંબંધિત નીતિઓ

(B) વિતરણ અને કિંમત નિર્ધારણ

(C) માનવીય પરિબળોની પડતર

(D) (A) અને (B) બંને

6. Which of the following is a capital expenditure ?

(A) Travelling expense of our engineer sent to Japan for inspecting a machine to be imported by us

(B) Annual whitewash of factory building

(C) Repair of second-hand machinery

(D) Annual maintenance cost of computer systems

7. A and B are partners sharing profits and losses in the ratio of 5 : 3. They admit C giving him 3/10th share of profits. If C acquires 1/5th share from A and 1/10th share from B, new profit-sharing ratios will be :

(A) 5 : 6 : 3

(B) 2 : 4 : 6

(C) 17 : 11 : 12

(D) 18 : 24 : 38

6. નીચેના પૈકી કયો મૂડી ખર્ચ છે ?

(A) જાપાનથી આપણે આયાત કરવામાં આવનાર મશીનના પરીક્ષણ અંગે આપણા તકનીકને મોકલવાનો મુસાફરી ખર્ચ

(B) કારખાનાના મકાનને વાર્ષિક ચૂનો કામ કરવાનો ખર્ચ

(C) જૂની મશીનરીની મરામતનો ખર્ચ

(D) કોમ્પ્યુટર સિસ્ટીમને દુરસ્ત/ચાલુ રાખવા માટેનો વાર્ષિક ખર્ચ

7. A અને B ની નફા-નુકશાનમાં 5 : 3 ના ગુણોત્તરમાં ભાગીદારી છે. તેઓ C ને 3/10 નો નફાના પ્રમાણમાં ભાગ આપી પ્રવેશ આપે છે. જો C, A પાસેથી 1/5 અને B પાસેથી 1/10 ભાગ મેળવે તો નફા-વહેંચણીનો નવો ગુણોત્તર થશે :

(A) 5 : 6 : 3

(B) 2 : 4 : 6

(C) 17 : 11 : 12

(D) 18 : 24 : 38

8. Capitalisation of borrowing costs should cease, when :

(A) The asset is fully complete

(B) The borrowing is repaid in full

(C) Substantially all activities for putting the asset to use are completed

(D) The asset is capitalized in the books

9. At the time of amalgamation, purchase consideration does *not* include :

(A) Equity shares in the transferee company issued to the equity shareholders of transferor company

(B) The sum that will be paid directly to the creditors of the transferor company by the transferee company

(C) Preference shares in the transferee company issued to the preference shareholders of the transferor company

(D) All of the above

8. ઉછીની રકમની પડતરનું મૂડીરોકાણ નષ્ટ પામે છે જયારે :

(A) મિલકત સંપૂર્ણ રીતે પૂરી થાય છે

(B) ઉછીની રકમ પૂરેપૂરી પુનઃ ભરપાઈ થાય છે

(C) મિલકતને કાર્યરત કરવા માટેની બધીજ પ્રવૃત્તિઓ મહદ અંશે પૂર્ણ થાય છે

(D) મિલકતનું હિસાબી-ચોપડામાં મૂડીકરણ થાય છે

9. સંયોજીકરણના સમયે ખરીદ ગણતરીમાં સમાવેશ થતો નથી :

(A) તબદીલ કરતી કંપનીના શેરધારકોને, તબદીલ લેતી કંપનીના શેરોનું નિર્ગમન

(B) તબદીલ કરતી કંપનીના લેણદારોને તબદીલ લેતી કંપની દ્વારા સીધી ચૂકવણી

(C) તબદીલ કરતી કંપનીના પસંદગીના શેરધારકોને તબદીલ લેતી કંપનીના પસંદગીના શેરોનું નિર્ગમન

(D) ઉપરોક્ત બધા જ

10. A company makes and sells a single product. If the fixed costs incurred in making and selling the product increases, break even point will :

(A) increase

(B) decrease

(C) not change

(D) may or may not change

11. Which of the following is not included in Managerial Economics ?

(A) Costs of production

(B) Factors affecting national product

(C) Nature of supply and demand

(D) Project appraisals

12. Managerial Economics is :

(A) a study of macro-economic concepts

(B) prescriptive and not descriptive

(C) a body of economic principles

(D) same as economics

10. કંપની કોઈ એક પેદાશની બનાવટ અને વિક્રય કરે છે. જો પેદાશની બનાવટ અને વિક્રયની સ્થિર પડતર વધે તો સમ-તૂટ-બિંદુમાં થશે :

(A) વધારો

(B) ઘટાડો

(C) કોઈ ફેરફાર નહીં

(D) ફેરફાર થાય અથવા ન થાય

11. નીચેના પૈકી કયાનો સંચાલકીય અર્થશાસ્ત્રમાં સમાવેશ થતો નથી :

(A) પેદાશની પડતર

(B) રાષ્ટ્રીય-પેદાશને અસર કરતા પરિબળો

(C) પૂરવઠો અને માંગનો પ્રકાર

(D) પ્રોજેક્ટનું મૂલ્યાંકન

12. સંચાલકીય અર્થશાસ્ત્ર :

(A) સમષ્ટિ અર્થશાસ્ત્રના ખ્યાલોનો અભ્યાસ છે

(B) આદેશાત્મક છે, વર્ણનાત્મક નહીં

(C) અર્થશાસ્ત્રીય સિદ્ધાંતોનો સમૂહ છે

(D) અર્થશાસ્ત્ર જેવું છે

13. The demand for a commodity is said to be elastic if the total amount spent on the commodity is :

(A) less when the price is low than when the price is high
(B) the same whether the price is high or low
(C) more when the price is low than when the price is high
(D) more when the price is high than when the price is low

14. If two goods are complements, then a rise in the price of one commodity will induce :

(A) a rise in the price of other commodity
(B) no shift in the demand for other commodity
(C) a downward shift in the demand for the other commodity
(D) an upward shift in the demand for the other commodity

13. કોઈ વસ્તુની માંગને મૂલ્ય-સાપેક્ષ ગણી શકાય જો એ વસ્તુ પરનો કુલ ખર્ચ :

(A) કિંમત વધે એના કરતાં કિંમત ઘટે ત્યારે ઘટે
(B) કિંમત વધે કે ઘટે સમાન જ રહે
(C) કિંમત ઊંચી હોય એના કરતાં કિંમત નીચી હોય ત્યારે વધે
(D) કિંમત નીચી હોય એના કરતાં કિંમત ઊંચી હોય ત્યારે વધે

14. જો બે વસ્તુઓ પૂરક હોય ત્યારે એક વસ્તુનો કિંમત વધારો :

(A) બીજી વસ્તુની કિંમતમાં વધારો પ્રેરે છે
(B) બીજી વસ્તુની માંગમાં કોઈ બદલાવ આવતો નથી
(C) બીજી વસ્તુની માંગમાં નીચે તરફનો બદલાવ પ્રેરે છે
(D) બીજી વસ્તુની માંગમાં ઉપર તરફનો બદલાવ પ્રેરે છે

15. Marginal costs are most closely related to :

(A) fixed costs

(B) variable costs

(C) total costs

(D) total revenue

15. સીમાંત ખર્ચ મહત્તમ સંબંધ ધરાવે છે :

(A) સ્થિર ખર્ચ સાથે

(B) અસ્થિર ખર્ચ સાથે

(C) કુલ ખર્ચ સાથે

(D) કુલ આવક સાથે

16. Which one of the following is *not* the part of parametric test ?

(A) *t*-test

(B) Standard deviation

(C) Chi-square test

(D) Correlation co-efficient

16. નીચેના પૈકી કઈ પરિમાણાત્મક પદ્ધતિ છે :

(A) *t*-test

(B) પ્રમાણિત વિચલન

(C) કાઈ-સ્કવેર ટેસ્ટ

(D) સહસંબંધ ગુણક

17. Which one of the following formulae helps the statistician to find out the cause and effect relationship between an independent variable and the dependent variable ?

(A) Trend analysis ($Y = Na + bx$)

(B) $\Sigma y = Na + b\Sigma x$, and

$\Sigma xy = a\,\Sigma x + b\,\Sigma x^2$

(C) $r = bxy + byx$

(D) $g = \dfrac{b - a}{S.E.}$

17. સ્વતંત્ર ચલ અને આધારિત ચલ વચ્ચે કારણ અને અસરનો સંબંધ શોધવા માટે આંકડાશાસ્ત્રીને નીચેના પૈકી કયા સૂત્રો મદદ કરે છે ?

(A) પ્રવાહ-વિશ્લેષણ ($Y = Na + bx$)

(B) $\Sigma y = Na + b\Sigma x$, and

$\Sigma xy = a\,\Sigma x + b\,\Sigma x^2$

(C) $r = bxy + byx$

(D) $g = \dfrac{b - a}{S.E.}$

18. One investigator collected the data about the eating habits of the two villages. He collected the information from 400 persons of village X and from 300 persons from the village Y. He found that 200 persons were vegetarians from village X and 100 persons were non-vegetarians from village Y. Which test should be apply for testing the difference of eating habits of the two villages ?

(A) Chi-square test

(B) F-test

(C) Z-test

(D) Proportions test

18. એક પરીક્ષણકારે બે ગ્રામ્યોની ખાદ્યટેવો વિશેની સંખ્યાત્મક માહિતી એકત્રિત કરી તેઓએ ગ્રામ્ય X માંથી ૪૦૦ વ્યક્તિઓ પાસેથી અને ગ્રામ્ય Y માંથી ૩૦૦ વ્યક્તિઓ પાસેથી માહિતી એકત્ર કરી. તેઓએ શોધ્યું કે ગ્રામ્ય X માંથી ૨૦૦ વ્યક્તિઓ શાકાહારી અને ગ્રામ્ય Y માંથી ૧૦૦ વ્યક્તિઓ બિન-શાકાહારી છે આ બે ગ્રામ્યોની ખાદ્યટેવોના તફાવતના પરીક્ષણમાં કઈ પરીક્ષણ પદ્ધતિ અપનાવી શકાય ?

(A) કાઈ-સ્કવેર ટેસ્ટ

(B) એફ-ટેસ્ટ

(C) ઝેડ-ટેસ્ટ

(D) સપ્રમાણાત્મક-પરીક્ષણ

19. Which one of the following is widely used for data processing by the statisticians through computer ?

(A) Soft skills

(B) MS-Word

(C) Tally

(D) K'mp-Word

19. અંક-શાસ્ત્રીઓ દ્વારા કોમ્પ્યુટર વડે માહિતી-પ્રક્રિયા માટે નીચેના પૈકી શેનો વિસ્તૃત ઉપયોગ થાય છે ?

(A) સોફ્ટ સ્કીલ (Soft skills)

(B) MS-Word

(C) Tally

(D) K'mp-Word

20. When one investigator takes the sample of 10,000 persons from New-Delhi for studying the average income levels of delhites on the basis of 'every person should have equal chance of being selected' in sample, then he should fallow the mechanism of :

(A) Random sampling

(B) Purposive sampling

(C) Biased sampling

(D) Convenient sampling

21. To establish the relationship for a particular task under the supervision of immediate supervisors is known as :

(A) Unity of command

(B) Unity of direction

(C) Gang Plank

(D) Subordination

22. A person who was awarded Nobel Prize in the field of decision marking was/is :

(A) Herbert Simon

(B) Amartya Sen

(C) Chester Barnard

(D) Michael Porter

20. નમૂનામાં ''દરેક વ્યક્તિને પસંદગીની સમાન તક હોવી જોઈએ'' એ આધાર પર જ્યારે એક પરીક્ષણકારે દિલ્હી વાસીઓની સરેરાશ આવકની સપાટીના અભ્યાસ માટે નવી દિલ્હીમાંથી ૧૦૦૦૦ વ્યક્તિઓનો નમૂનો લે છે ત્યારે તેમણે કાર્યપદ્ધતિ અનુસરવી જોઈએ :

(A) સમસંભાવિત નમૂના-ચયન

(B) હેતુસરનું નમૂનીકરણ

(C) પૂર્વગ્રહિત નમૂનીકરણ

(D) અનુકૂળતા પ્રમાણેનું નમૂનીકરણ

21. કોઈ એક વિશિષ્ટ કાર્ય માટે તત્કાલિન નિરીક્ષકના નિરીક્ષણના તાબાહેઠળ સંબંધને પ્રસ્થાપિત કરવાને ઓળખવામાં આવે છે :

(A) હુકમની એકરૂપતા

(B) દોરવણીની એકરૂપતા

(C) ગેંગ પ્લાન્ક

(D) તાબેદારી

22. નિર્ણય પ્રક્રિયાના ક્ષેત્રમાં જે વ્યક્તિને નોબલ પ્રાઈઝ એનાયત કરવામાં આવ્યું હતું તે :

(A) હર્ટબર્ટ સાયમન

(B) અમર્ત્ય સેન

(C) ચેસ્ટર બર્નાર્ડ

(D) માઈકલ પોર્ટર

23. Who is associated with process theory of motivation ?
(A) McCleland
(B) Herzberg
(C) Maslow
(D) Victor Vroom

24. Grapevine is related to management of :
(A) Personnel
(B) Grape
(C) Communication
(D) Strategy

25. The initial committee constituted for corporate governance in India was headed by :
(A) Montek Singh Aahaluwalia
(B) Murli Deora
(C) Dhirubhai Ambani
(D) Kumar Manglam

26. Consumer behaviour means :
(A) Customer behaviour
(B) Customer satisfaction
(C) Consumerism
(D) All of the above

27. Excess of products performance over customers' expectation means :
(A) Customer delight
(B) Customer satisfaction
(C) Customer dazzling
(D) None of the above

23. અભિપ્રેરણની પ્રક્રિયાવાદ સાથે કોણ સંકળાયેલ છે ?
(A) મેકકલીલેન્ડ
(B) હર્ઝબર્ગ
(C) માસલો
(D) વિકટર વ્રુમ

24. દ્રાક્ષવેલનો વિચાર ......... ના સંચાલન સાથે જોડાયેલ છે :
(A) કર્મચારી વ્યવસ્થા
(B) દ્રાક્ષ
(C) માહિતી સંચાર
(D) વ્યૂહરચના

25. ભારતમાં કોર્પોરેટ ગવર્નન્સ માટે રચાયેલ પ્રારંભિક સમિતિમાં વડપણ હતું :
(A) મોન્ટેકસિંઘ આહલુવાલિયા
(B) મુરલી દેવરા
(C) ધીરુભાઈ અંબાણી
(D) કુમાર મંગલમ

26. ગ્રાહક વર્તણૂક એટલે :
(A) ઘરાક વર્તણૂક
(B) ઘરાક સંતોષ
(C) ઉપભોક્તાવાદ
(D) ઉપરોક્ત બધાજ

27. ગ્રાહકની અપેક્ષા કરતા પેદાશ-કામગીરીનો વધારો એટલે :
(A) ગ્રાહક-આનંદ
(B) ગ્રાહક-સંતોષ
(C) ગ્રાહક-આશ્ચર્ય
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

28. Identify individual purchase thinking process :

(A) Perception

(B) Altitude

(C) Learning

(D) All of the above

29. Marketing Mayopia refers to :

(A) Social concept of marketing

(B) Customer orientation

(C) Post-modern concept of marketing

(D) Narrow concept of marketing

30. Which one of the following is *not* the stage of PLC ?

(A) Introduction

(B) Growth

(C) Promotion

(D) Maturity

31. The term "core current assets" was coined by :

(A) Jillani Committee

(B) Chore Committee

(C) Tandon Committee

(D) RBI

28. વ્યક્તિગત ખરીદ-વિચાર પ્રક્રિયા શોધો :

(A) અનુભૂતિ

(B) વલણ

(C) શીખ

(D) ઉપરોક્ત બધાજ

29. બજાર-પ્રક્રિયા નિકટ-દૃષ્ટિતા દર્શાવે છે :

(A) બજાર-ક્રિયાનો સામાજિક ખ્યાલ

(B) ગ્રાહક અભિમુખતા

(C) બજાર-ક્રિયાનો છેલ્લો અર્વાચીન ખ્યાલ

(D) બજાર-ક્રિયાની સંકીર્ણ વિચારધારા

30. નીચેના પૈકી કયું પેદાશ-જીવન-ચક્રનો તબકકો નથી ?

(A) પ્રારંભિક

(B) વિકાસ

(C) ઉત્તેજના

(D) પરિપકવતા

31. ''મૂળ ચાલુ અસ્કયામત'' નામ બનાવ્યું હતું :

(A) જીલાની સમિતિ

(B) ચોરે સમિતિ

(C) ટંડન સમિતિ

(D) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા

32. Cost of which of the following sources of finance is least ?

(A) Preference share capital

(B) Debt financing

(C) Equity share capital

(D) Retained earnings

33. If a company follows a policy of keeping its dividend per share stable although its earnings fluctuate :

(A) Its payout ratio will fluctuate

(B) Its payout ratio will remain the same

(C) Its payout ratio will also be stable

(D) None of the above

34. The theoretical view that the dividend policy of a company does not influence the market value of its shares is advanced by :

(A) Perfect Market School

(B) MM

(C) Imperfect Market School

(D) Both (A) and (B)

32. નીચેના પૈકી કયા નાણાંકીય સ્ત્રોતની પડતર સૌથી ઓછી છે ?

(A) પસંદગીની શેર-મૂડી

(B) ઋણ-નાંણું

(C) સામાન્ય શેર-મૂડી

(D) એકત્રિત કરેલ-આવક

33. આવકમાં વધઘટ હોવા છતાં જો કોઈ કંપની પ્રતિશેરનું ડિવિડન્ડ સ્થિર-રાખવાની નીતિ અનુસરે તો :

(A) તેના પે-આઉટ ગુણોત્તરમાં વધઘટ થશે

(B) તેનો પે-આઉટ ગુણોત્તર સરખો રહેશે

(C) તેનો પે-આઉટ ગુણોત્તર પણ સ્થિર રહેશે

(D) ઉપરોક્ત કોઈ નહીં

34. કંપનીની ડિવીડંડ નીતિ તેના શેરના બજાર-મૂલ્યને અસર કરતી નથી તે વિચારનીતિ અગ્રિમ કરવામાં આવે છે :

(A) પૂર્ણ-બજાર-સ્કૂલ દ્વારા

(B) MM દ્વારા

(C) અપૂર્ણ-બજાર-સ્કૂલ દ્વારા

(D) (A) તથા (B) બંને

35. Several positions have been taken on the relationship between financial leverage and cost of capital : Net income approach, Net operating income approach, Traditional position. Modigliani and Miller (MM) have restated and amplified :

(A) Traditional position

(B) Net operating income approach

(C) Net income approach

(D) None of the above

36. Human resource planning determines the need for :

(A) Appointing and retaining people

(B) Appointing people and placing them on the right job

(C) Inviting people to applying for the jobs

(D) None of the above

37. Cognitive ability tests include :

(A) Aptitude text

(B) Knowledge text

(C) Simulation exercises

(D) All of the above

38. In which concept of people are seen as human beings :

(A) Personnel management

(B) Human Resource Management

(C) Personnel administration

(D) None of the above

35. નાણાંકીય ઉચ્ચાલન અને મૂડી પડતર વચ્ચે વિવિધ દૃષ્ટિબિંદુ લેવામાં આવેલ છે – ચોખ્ખી આવક અભિગમ, ચોખ્ખી ઉચ્ચાલક આવક અભિગમ, રૂઢિચુસ્ત દૃષ્ટિબિંદુ મોડીગ્લીયાની-મિલરે ફરી વ્યાખ્યા કરી છે અને વિસ્તૃત કરી છે :

(A) રૂઢિચુસ્ત દૃષ્ટિબિંદુ

(B) ચોખ્ખી ઉચ્ચાલક-આવક અભિગમ

(C) ચોખ્ખી આવક-અભિગમ

(D) ઉપરોક્ત કોઈ નહીં

36. માનવ પરિબળ આયોજન જરૂરિયાત નક્કી કરે છે :

(A) વ્યક્તિઓની નિમણૂક અને રોકવાની

(B) વ્યક્તિઓની નિમણૂક અને યોગ્ય હોદ્દા પર તેમને મૂકવાની

(C) હોદ્દાઓ પર અરજી કરવા આમંત્રિત કરવાની

(D) ઉપરોક્ત કોઈ નહીં

37. જ્ઞાન-મૂલક ક્ષમતા કસોટી સમાવેશ કરે છે :

(A) અભિરુચિ-કસોટી

(B) જ્ઞાન-કસોટી

(C) અનુરૂપતા મનોયત્નો

(D) ઉપરોક્ત બધાજ

38. કયા ખ્યાલ મુજબ વ્યક્તિઓને માનવીઓ તરીકે જોવામાં આવે છે :

(A) કર્મચારી-સંચાલન

(B) માનવ સંસાધન સંચાલન

(C) કર્મચારી-વહીવટ

(D) ઉપરોક્ત કોઈ નહીં

39. The process of increasing knowledge understanding or attitude of personnel to make them get adjusted in their total work environment is the process of :

(A) Training

(B) Education

(C) Development

(D) Learning

40. Identify the *correct* statement :

(A) Selection is positive function and recruitment is a negative function

(B) Selection is a negative function and recruitment is a positive function

(C) Selection and recruitment both are positive functions

(D) Selection and recruitment both are negative functions

41. An order addressed by one office of a bank to any other of its branches or by any one bank to another to pay a specified amount/ sum to the person concerned is known as :

(A) Letter of credit

(B) Cheque

(C) Bank-order

(D) Banker's draft

39. વ્યક્તિઓના જ્ઞાન અને સમજ વધારવાની પ્રક્રિયા અથવા વ્યક્તિઓની પૂરેપૂરી કાર્ય પરિસ્થિતિ વિશે અનુકૂલન સાધવા વિશેની વલણની પ્રક્રિયા છે :

(A) તાલીમ

(B) શિક્ષણ

(C) વિકાસ

(D) શીખ

40. સાચું વિધાન ઓળખો :

(A) પસંદગી એ હકારાત્મક કાર્ય છે અને ભરતી એ નકારાત્મક કાર્ય છે

(B) પસંદગી એ નકારાત્મક કાર્ય છે અને ભરતી એ હકારાત્મક કાર્ય છે

(C) પસંદગી અને ભરતી બંને હકારાત્મક કાર્ય છે

(D) પસંદગી અને ભરતી બંને નકારાત્મક કાર્ય છે

41. કોઈ એક વ્યક્તિને નિશ્ચિત રકમની ચૂકવણી અંગે, બેંકના એક કાર્યાલયથી બીજી કોઈ શાખાને સંબોધીને લખેલ હુકમ અથવા એક બેંક દ્વારા અન્ય બેંકને સંબોધીને લખેલ હુકમને જાણવામાં આવે છે :

(A) શાખપત્ર

(B) ચેક

(C) બેંક-ઓર્ડર

(D) બેંકનો ડ્રાફ્ટ

42. Which one of the following is *not* the function of the Reserve Bank of India ?

(A) To regulate the monetary mechanism of India

(B) To conduct the banking and financial operations of the government

(C) To issue the American Depository Receipts in India and abroad

(D) The implement the monetary policy

43. The Capitals Adequacy Ratio and requirements were prescribed by one bank in India on first in April, 1992 which was that Bank ?

(A) Reserve Bank of India

(B) State Bank of India

(C) The Chartered Bank

(D) The Gryndlay's Bank

44. What is E-banking ?

(A) Efficient Banking

(B) Electronic Banking

(C) Effective Banking

(D) Earning Banking

42. નીચેના પૈકી કયું રીઝર્વ-બેંક ઓફ ઈન્ડિયાનું કાર્ય નથી ?

(A) ભારતની નાણાંકીય ક્રિયાવિધિનું નિયમન કરવું

(B) સરકારના બેંકિંગ અને નાણાંકીય વ્યવહારો હાથ ધરવા

(C) ભારતમાં અને વિદેશમાં અમેરિકન ડીપોઝીટરી રસીદ બહાર પાડવી

(D) નાણાં-નીતિનો અમલ કરવો

43. ભારતની એક બેંક દ્વારા મૂડી પર્યાપ્તતા ગુણોત્તર અને જરૂરિયાત સર્વપ્રથમ એપ્રિલ, ૧૯૯૨ માં સૂચિત કરવામાં આવેલ :

(A) રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા

(B) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા

(C) ધી ચાર્ટર્ડ બેંક

(D) ધી ગ્રીનલેઝ બેંક

44. ઈ-બેંકિંગ શું છે ?

(A) કાર્યક્ષમ બેંકિંગ

(B) યાંત્રિક બેંકિંગ

(C) અસરકારક બેંકિંગ

(D) આવક-બેંકિંગ

45. Here are two statements :

(1) IFCI stands for Institutional Finance Corporation of India.

(2) SFCs stands for State Financial Corporations.

Now, select the correct one out of the following :

(A) Only 1 is correct

(B) Only 2 is correct

(C) Both 1 and 2 are correct

(D) Both 1 and 2 are incorrect

46. Country A produces two goods X and Y at a higher cost compared to country B. Business can still take place between the two countries on the basis of :

(A) Heckscher Ohlin theory

(B) Product life cycle theory

(C) Theory of comparative cost advantage

(D) Porter's theory

47. The most important part of the balance of payment account is :

(A) Unilateral transfers

(B) Capital account

(C) Accommodating entries

(D) Current account

45. અહીં બે વિધાન છે :

(1) આઈ.એફ.સી.આઈ. એટલે ઈન્સ્ટીટયુશનલ ફાઈનાન્સીયલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા

(2) એસ.એફ.સી. એટલે સ્ટેટ ફાઈનાન્સીયલ કોર્પોરેશન

હવે નીચેના પૈકી એક સાચા વિકલ્પની પસંદગી કરો :

(A) ફક્ત 1 સાચું છે

(B) ફક્ત 2 સાચું છે

(C) બંને 1 અને 2 સાચાં છે

(D) બંને 1 અને 2 ખોટાં છે

46. રાષ્ટ્ર A બે વસ્તુઓ, X અને Y નું ઉત્પાદન, રાષ્ટ્ર B ની સરખામણીમાં ઊંચા ખર્ચે કરે છે. તેમ છતાં બે રાષ્ટ્રો વચ્ચે વ્યાપાર નીચેના આધારે થઈ શકે :

(A) હેકશર-ઓહલીન સિદ્ધાંત

(B) પેદાશ-જીવન-ચક્ર સિદ્ધાંત

(C) તુલનાત્મક પડતર લાભનો સિદ્ધાંત

(D) પોર્ટરનો સિદ્ધાંત

47. લેણ-દેણની સમતુલાનો ખૂબ અગત્યનો હિસ્સો છે :

(A) એકપક્ષીય ફેર-બદલી

(B) મૂડી-ખાતુ

(C) સમાધાન-વર્તી નોંધ

(D) ચાલુ-ખાતું

48. SDRs stand for:

(A) Special Drawing Rights

(B) Special Dollar Rights

(C) Special Drawing Regulations

(D) Special Drawing Rules

49. The institution which promotes investment in the ECAFE region of public and private capital, is :

(A) The International Finance Corporation

(B) Asian Development Bank

(C) International Development Agency

(D) World Bank

50. The most favoured nation clause permits :

(A) Special treatment only for the favoured nation

(B) Trade on non-discriminatory basis

(C) Exclusion of certain countries from trade

(D) None of the above

48. એસ.ડી.આર. નો અર્થ :

(A) વિશેષ આહરણ અધિકાર

(B) વિશેષ ડોલર અધિકાર

(C) વિશેષ આહરણ નિયમન

(D) વિશેષ આહરણ નિયમ

49. ઈકેફ ક્ષેત્રમાં જાહેર અને ખાનગી મૂડીનું રોકાણ વધારવા માટેની સંસ્થા છે :

(A) ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન

(B) એશિયન ડેવલપમેન્ટ બેંક

(C) ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સી

(D) વર્લ્ડ બેંક

50. સર્વાધિક પસંદગી પ્રાપ્ત રાષ્ટ્રની કલમ મુજબ :

(A) માત્ર પસંદગી પ્રાપ્ત રાષ્ટ્રને ખાસ વર્તન

(B) ભેદભાવ મુક્તિના આધારે વેપાર

(C) વેપારમાંથી અમુક રાષ્ટ્રોનો બહિષ્કાર

(D) ઉપરોક્ત કોઈ નહીં

## ROUGH WORK